# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

***************************************************

1) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે UNSC સુધારાઓ અને શાંતિ જાળવણી કામગીરીને સુવ્યવસ્થિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

2) વર્ષ 2025-26 માટે ભારતનો GDP વૃદ્ધિ દર 7.6 ટકા રહેવાનો આર્થિક સહકાર અને વિકાસ સંગઠનનો અંદાજ.

3) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સામુદ્રધુની ખોલવા આપેલી સમયમર્યાદા 6 એપ્રિલ સુધી લંબાવી.

4) અયોધ્યામાં આજે રામલલ્લાના સૂર્ય સ્નાન સાથે રામનવમીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી

5) ખેલો ઇન્ડિયા આદિજાતિ રમતોત્સવમાં આજે સ્વિમિંગ, વેઇટલિફ્ટિંગ, હોકી, ફૂટબોલ અને કુસ્તી સ્પર્ધા.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# JAISHANKAR - G7 FMM

G7 વિદેશ મંત્રીઓની બેઠકમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ -UNSC સુધારાઓ, શાંતિ જાળવણી કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને માનવતાવાદી પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ બેઠક ફ્રાન્સના અબેય ડેસ-વોક્સ-ડી-સેર્ને ખાતે યોજાઈ રહી છે.

ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, તેમણે બેઠકમાં વૈશ્વિક વહીવટમાં સુધારા અને ઊર્જા પડકારો, ખાતર પુરવઠો અને ખાદ્ય સુરક્ષા અંગે ગ્લોબલ સાઉથની ચિંતા વ્યક્ત કરી.

શ્રી જયશંકર G7 વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે ફ્રાન્સના બે દિવસના પ્રવાસે છે.

# INDIA'S GDP GROWTH

આર્થિક સહકાર અને વિકાસ સંગઠન -OECDએ વર્ષ 2025-26 માટે ભારતનો GDP વૃદ્ધિ દર 7.6 ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. જ્યારે વર્ષ 2026-27 માટે 6.1 ટકા અને 2027-28 માટે 6.4 ટકાના વૃદ્ધિ દરે અર્થવ્યવસ્થા ગતિ કરશે.

OECD ના વચગાળાના આર્થિક દૃષ્ટિકોણ અહેવાલમાં જણાવાયું છે કે મધ્ય પૂર્વમાં સંઘર્ષને કારણે વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિસ્થાપકતાને અસર થઈ છે. જેને કારણે માગ પર ભાર પડી રહ્યો છે અને ફુગાવાના દબાણમાં વધારો થઈ રહ્યો છે.

અહેવાલમાં જણાવાયું છે કે ચીનનો વિકાસ દર 2025 માં 5.0 ટકાથી ઘટીને 2026 માં 4.4 ટકા અને 2027 માં 4.3 ટકા થવાની ધારણા છે.

# GOVT –LPG

સરકારે જણાવ્યું કે, ભારત પાસે કુલ 74 દિવસની અનામત ક્ષમતા છે અને કાચા તેલનો ખાસ વ્યૂહાત્મક જથ્થા સહિત વાસ્તવિક જથ્થો લગભગ 60 દિવસનો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પુનરોચ્ચાર કર્યો છે કે ભારતમાં પેટ્રોલિયમ અને LPG પુરવઠાની સ્થિતિ સંપૂર્ણપણે સલામત અને નિયંત્રણમાં છે.

સાંભળીએ એક અહેવાલ......

## VC- SAKLEN

# ELECTION

આસામમાં, વિધાનસભા ચૂંટણી માટે ગઈકાલે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે 67 ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેતા કુલ 722 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

પુડુચેરીમાં ચૂંટણી પ્રચાર અને તૈયારીઓ વેગ પકડી રહી છે. ગઈકાલે 71 ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા બાદ 294 ઉમેદવારો મેદાનમાં છે. દરમ્યાન કેરળમાં, આગામી વિધાનસભા ચૂંટણી માટે અંતિમ મતદાર યાદી ગઈકાલે રાત્રે પ્રકાશિત કરવામાં આવી. અંતિમ મતદાર યાદી મુજબ, કેરળમાં કુલ 2 કરોડ 71 લાખ 42 હજારથી વધુ મતદારોના નામ સામેલ છે. રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે.

# ECI-SEIZURES

ચૂંટણી પંચે જણાવ્યુ કે, વિધાનસભા ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ દરમિયાન રોકડ, માદક દ્રવ્યો, કિંમતી ધાતુઓ અને મફત વસ્તુઓ સહિત 400 કરોડ રૂપિયાથી વધુની રકમ જપ્ત કરવામાં આવી છે.

પંચે જણાવ્યું કે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 5 હજાર 100 થી વધુ ફ્લાઇંગ સ્ક્વોડ અને 5 હજાર 200થી વધુ સ્ટેટિક સર્વેલન્સ ટીમો તૈનાત કરવામાં આવી છે.

ચૂંટણી પંચે અહેવાલ આપ્યો કે 15 માર્ચથી 25 માર્ચ સુધી, જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભા ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે, ત્યાં સી-વિજિલ એપ દ્વારા 70 હજાર 900થી વધુ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. જેમાં 95 ટકાથી વધુ ફરિયાદોનું 100 મિનિટમાં નિરાકરણ કરવામાં આવ્યું હતું.

# NEPAL- PM OATH

રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી –RSP ના નેતા બાલેન્દ્ર શાહ આજે નેપાળના પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ સ્થાનિક સમય મુજબ બપોરે 12 વાગીને 34 મિનિટે કાઠમંડુના શીતલ નિવાસ સ્થિત રાષ્ટ્રપતિ કાર્યાલય ખાતે યોજાશે.

બાલેન્દ્ર શાહને ગઈકાલે RSP સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તેમની પાર્ટી RSP એ 5 માર્ચના સંસદીય ચૂંટણીમાં જંગી વિજય મેળવ્યો હતો. આ સાથે તેઓ નેપાળના સૌથી યુવા પ્રધાનમંત્રી બનશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# TRUMP-HORMUZ DEADLINE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સામુદ્રધુની ખોલવા આપેલી સમયમર્યાદા 6 એપ્રિલ સુધી લંબાવી છે. શ્રી ટ્રમ્પે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, અમેરિકા ઈરાનના ઉર્જા પ્લાન્ટ પર બોમ્બમારો કરવાનું ટાળશે. આ દરમિયાન, હજારો અમેરિકી સૈનિકો આ ક્ષેત્રની નજીક પહોંચ્યા છે. તો ઈઝરાયલે ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ સામે લડવા દક્ષિણ લેબનોનમાં વધુ

સૈનિકોને મોકલ્યા છે. બીજી તરફ ઈરાનની રાજધાની અને અન્ય શહેરોમાં ભારે હુમલાના અહેવાલો મળ્યા છે.

## PUTIN-GULF CONFLICT

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને કહ્યું કે, ખાડીમાં ચાલી રહેલા સંઘર્ષના વિશ્વ માટે ગંભીર પરિણામો આવી શકે છે. તેમણે વર્તમાન પરિસ્થિતિની તુલના કોવિડ રોગચાળા સાથે કરી, જેણે વૈશ્વિક સ્તરે જીવનને અસર કરી વિકાસને ધીમો પાડ્યો હતો.

એક કાર્યક્રમમાં સંબોધન કરતાં શ્રી પુતિને કહ્યું કે, ઈરાન પર અમેરિકા-ઇઝરાયલના સંયુક્ત હુમલાથી સંઘર્ષમાં વધારો થયો છે અને ઉદ્યોગોને જોખમમાં મુકાયા છે. આનાથી આગળ શું પરિણામો આવશે તે કહી શકાય નહીં તેમ નથી.

તેમણે કહ્યું કે સશસ્ત્ર સંઘર્ષ વર્તમાન પરિસ્થિતિને વધુને વધુ અસર કરી રહ્યો છે અને આંતરરાષ્ટ્રીય લોજિસ્ટિક્સ, ઉત્પાદન અને પુરવઠા શૃંખલાઓમાં નોંધપાત્ર વિક્ષેપ પેદા કરી રહ્યો છે.

## EMBASSY OF INDIA - CONDOLENCES

સંયુકત આરબ અમીરાત - UAEમાં ભારતીય દૂતાવાસે ગઈકાલે અબુ ધાબીમાં એક ભારતીય નાગરિકના મોત પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, દૂતાવાસે જણાવ્યું કે આ મૃત્યુ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં કાટમાળ પડવાને કારણે થયું હોવાના અહેવાલ છે. દૂતાવાસે ઉમેર્યું હતું કે તે શક્ય તમામ સહાય અને સમર્થન આપવા UAE ના અધિકારીઓ સાથે ગાઢ સંકલનમાં છે.

# UP - RAM NAVAMI

ઉત્તર પ્રદેશમાં, રામ નવમીની ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં રામલલ્લાને સૂર્ય સ્નાન કરાશે. દૂરદર્શન દ્વારા આ અનુષ્ઠાનનું જીવંત પ્રસારણ કરાશે.

સાંભળીએ એક અહેવાલ....

**VC- SUSHIL TIWARI**

# KHELO INDIA

ખેલો ઇન્ડિયા આદિજાતિ રમતોત્સવના આજે ત્રીજા દિવસે, સ્વિમિંગ, વેઇટલિફ્ટિંગ, હોકી, ફૂટબોલ અને કુસ્તી સ્પર્ધા યોજાશે.

ગઇકાલે બીજા દિવસે, છત્તીસગઢમાં સ્વિમિંગ, વેઇટલિફ્ટિંગ, હોકી અને ફૂટબોલમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. કર્ણાટકના તરવૈયા મણિકંતા અને ઓડિશાની અંજલી મુંડાએ 200 મીટર વ્યક્તિગત સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યા છે.

વેઇટલિફ્ટિંગમાં, આસામની મોનિખા સોનોવાલે 48 કિલોગ્રામ શ્રેણીમાં સુવર્ણ, જ્યારે મિઝોરમની ઇસાક માલસોમતલુઆંગાએ 60 કિલોગ્રામ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. મેડલ ટેલીમાં, કર્ણાટક આઠ સુવર્ણ, ત્રણ રજત અને એક કાંસ્ય ચંદ્રક સાથે ટોચના સ્થાને છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રીટા દવે

- ઈરાને ભારત ચીન રશિયા પાકિસ્તાન બાંગ્લાદેશ અને ઈરાક માટે હોર્મૂઝ જળમાર્ગ ખુલ્લો મુકવાના મહત્વના નિર્ણયને તેમજ ભારતમાં ઓઈલ ગેસના પુરવઠા અંગેના સમાચારોને આજના મુખ્ય અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- સંદેશ લખે છે ઈરાને ભારત માટે હોર્મૂઝ જળમાર્ગ ખુલ્લો મુક્યો.
- ગુજરાત સમાચારે ટાંક્યું છે.. હોર્મૂઝ માંથી ભારત સહિત પાંચ દેશોના જહાજોને ઈરાનની મંજૂરી -પેટ્રોલ ગેસની અછત માત્ર અફવા, 60 દિવસનો સ્ટોક હોવાનો સરકારનો દાવો
- દિવ્યભાસ્કર એ લખ્યું છે ઓઇલ ગેસની અફવા ઉપર ધ્યાન ન આપો. ગભરાશો નહીં ભારતમાં પેટ્રોલ ડીઝલ એલપીજી નો 60 દિવસનો સ્ટોક.
- હોર્મૂઝ બાદ મંદેબ સ્ટ્રેટ બંધ કરવા ઈરાનની ધમકી.....આ સમાચારને કુલછાબે મુખ્ય મથાળા હેઠળ છાપ્યું છે.